**માન. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષ સ્થાને તા-૦૨/૦3/૨૦૨૧ના રોજ ભારતીય ઉધમિતા વિકાસ સંસ્થાન, અમદાવાદ ખાતે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ**

---

તા-૦૨/૦3/૨૦૨૧ના રોજ ભારતીય ઉધમિતા વિકાસ સંસ્થાન, ભાટ, અમદાવાદ ખાતે માન. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષ સ્થાને મળેલ બેઠકમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી સુનિલ શુકલા | નિર્દેશકશ્રી, EDII |
| ૨ | શ્રી જી.એન નાચીયા | નિયામકશ્રી |
| 3 | શ્રી ડી.સી પટેલ | ઉપ સચિવશ્રી |
| ૪ | શ્રી એચ.એન વાળા | નાયબ નિયામકશ્રી |
| ૫ | શ્રી નિખિલેશ દેસાઇ | એડવાઇઝરશ્રી, EDII |
| ૬ | ડૉ. અમિત દ્રિવેદી | નોડલ ઓફિસરશ્રી, EDII |

માન. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા The Rights of Persons with Disabilities Act, 2016 અન્વયે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ અને માર્ગ અને મકાન વિભાગ વચ્ચે કરવાના થતા memorandum of understanding (MOU)નો મુસદા અંગે ચર્ચા કરી અને તેમાં જરૂરી સુધારાઓ સુચવ્યા, ત્યારબાદ ભારતીય ઉધમિતા વિકાસ સંસ્થાન ખાતેના દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્રના બોર્ડ અને તેના લોગોનું આખરીકરણ કરેલ અને દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્રની કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી અને નીચે મુજબની સુચનાઓ આપવામાં આવી.

૧. મહાનુભાવશ્રીના વરદ હસ્તે મે-૨૦૨૧માં દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્રના ઉદ્ઘાટન માટેની પુર્વ તૈયારી કરવી અને સદર કાર્યક્રમમાં નિયામક સમાજ સુરક્ષા હસ્તકની દિવ્યાંગ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય વિતરણ કરવાની પુર્વ તૈયારીઓ કરવી.

૨. માહિતી ખાતા દ્વારા નક્કી કરાયેલ પેનલ એજન્સી પાસેથી દિવ્યાંગજનો માટેની ફિલ્મ બનાવવાની કાર્યવાહી હાથ ધરવી

3. 3જી ડિસેમ્બર "વિશ્વ દિવ્યાંગ દિવસ-૨૦૨૧"ની ઉજવણી રાજય કક્ષાએ અને ઝોન કક્ષાએ કરવા માટે દિવ્યાંગ કલ્યાણક્ષેત્રે કાર્યરત્ત સંસ્થાઓના સહયોગથી કરવી અને નિયામક સમાજ સુરક્ષા હસ્તકની દિવ્યાંગ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય વિતરણ કરવાની પુર્વ તૈયારીઓ કરવી. "વિશ્વ દિવ્યાંગ દિવસ-૨૦૨૧"ની ઉજવણી માટે પુસ્તિકા, ફિલ્મનું માન. મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે વિમોચન કરાવવું.

1689

૪. "મોકળા મન" અંતર્ગત માન. મુખ્યમંત્રીશ્રી સાથે દિવ્યાંગો અને દિવ્યાંગ કલ્યાણક્ષેત્રે કાર્યરત્ત સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે થયેલ પરિસંવાદના વિડિયો અને ફોટોગ્રાફ મેળવી દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર અને નિયામક સમાજ સુરક્ષાની વેબસાઇટ પર મુકવા.

૫. The National Education Policy 2020 અંતર્ગત શિક્ષણ વિભાગ દ્વારા દિવ્યાંગ વિધાર્થીઓ માટે કરવાની થતી કામગીરીની વિગતોની નોંધ તૈયાર કરી મોકલી આપવી.

૬. The Rights of Persons with Disabilities (RPwD) Act, 2016ની કલમ – ૩૫ દિવ્યાંગજનોને ખાનગી ક્ષેત્રમાં કામે રાખનારને પ્રોત્સાહનો પૂરા પાડવાની શ્રમ અને રોજગાર વિભાગની ચાલુ યોજનાઓને ધ્યાને રાખી નવી યોજના કે શ્રમ અને રોજગાર વિભાગની યોજનામાં સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો હિસ્સો રાખવાની યોજના બનાવવાની કાર્યવાહી હાથ ધરવી.

૭. નિયામક સમાજ સુરક્ષા હસ્તકની દિવ્યાંગ કલ્યાણ, બાળ કલ્યાણ, વૃધ્ધ કલ્યાણ, ભિક્ષુક કલ્યાણની સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓમાં Corporate social responsibility (CSR) હેઠળ ફંડ મેળવવા માટે કોમન પોર્ટલની કામગીરી હાથ ધરવી.

૮. દિવ્યાંગ કલ્યાણની રાજ્ય સરકારની અને કેન્દ્ર સરકારની યોજનાઓના સમનવયની માહિતી તૈયાર કરી દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર અને નિયામક સમાજ સુરક્ષાની વેબસાઇટ પર મુકવી.

૯. દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્રની માસિક કામગીરીના અહેવાલો સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ અને નિયામક સમાજ સુરક્ષાને મોકલી આપવા.

બેઠકના અંતમાં ચર્ચાના અન્ય કોઇ મુદાઓ બાકી ન રહેતા હોય હાજર રહેલ તમામ અધિકારીશ્રીઓનો આભાર માની બેઠક પુર્ણ જાહેર કરવામાં આવી.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

અધિક મુખ્ય સચિવશ્રી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર, ગાંધીનગર